## મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલત ના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી (સીની.સીવીલ જજ સાહેબ)ની કોર્ટમાં, મુ.અમદાવાદ

**(જુના ફોજદારી કેસ નં.૧૭૬૦/૨૦૧૧)**
**નવા ફોજદારી કેસ નં.૮૦૩/૨૦૧૮**
**આંક– ૦૮**

**ફરીયાદી ::–** કારખાના નિરીક્ષક
(શ્રી સી.સી.વોરા કારખાના નિરીક્ષક,જુનાગઢ)

**– : : વિરુધ્ધ : : –**

**આરોપી ::–** મધુસુદન કે.પટેલ
ઈન્ટરમિડીયેટસ એન્ડ કેમીકલ્સ લી.
૧૬, હિતેન્દ્રનગર ઔધોગિક વસાહત,
નેશનલ હાઈવે નં.–૮, નરોડા,
અમદાવાદ

**ગુનો :–** કારખાનાધારા ૧૯૬૩ ના નિયમ–૩(સી) ના ભંગ બદલ
કલમ– ૯૨ મુજબ શિક્ષા પાત્ર ગુનો કરવા બાબત...

**–:: ઠ રા વ ::–**

---

ફરીયાદી તરફે .. ગેરહાજર
આરોપી તર્ફે .. આરોપી જાતે હાજર

---

**–:: ઠ રા વ ::–**

(૧) નામ.ગુજરાત હાઈકોર્ટના નોટીફીકેશન નં.એ.૩૬૦૮/૨૦૧૫, તા.૨૩/૦૬/૨૦૧૭ અન્વયે ફોજદારી કેસો ચલાવવાની સત્તા સીવીલ જજ તથા જયુ.મેજી.ફ.ક.ને મળતા સદરહું ફોજદારી કેસ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,અમદાવાદની કોર્ટમાંથી અત્રેની મજુર અદાલતમાં ટ્રાન્સફર થતા,સદરહું ફોજદારી કેસને ફોજદારી કેસ નં.૮૦૩/૨૦૧૮ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે,આ કામના ફરીયાદી ફેકટરી એકટની ક.૮ નીચે નિરીક્ષક તરીકે નિમાયેલા છે. આ કામના ફરીયાદીએ આરોપી સંસ્થાની મુલાકાત લેતા,કારખાનામાં તા.૧૩/૭/૨૦૧૧ના રોજ સદરહુ આરોપીએ કારખાનાનું એન્જીન્યરીંગ કન્સ્ટ્રકશન અંગેનું સ્ટેબીલીટી સર્ટિફીકેટ નમુના–૧ એ માં પાંચ વર્ષમાં એકવાર નિષ્ણાંત વ્યકિત પાસેથી મેળવેલ નથી કે મારી મુલાકાત સમયે માંગતા રજુ કરેલ નથી અને કારખાનામાં ઉત્પાદન ચાલુ રાખેલ છે. આમ, સદરહુ આરોપીએ કારખાનાધારા ૧૯૬૩ ના નિયમ–૩(સી) નાં ભંગ બદલ કારખાનાધારાની કલમ– ૯૨ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરીયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૨) ઉપરોકત સંદર્ભની ફરિયાદ જે તે વખતે સબંધિત મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦(૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ધ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૩) આરોપીને સમન્સ બજી જતાં આરોપી આજરોજ તેમના વકીલશ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ,ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ,ત્યારબાદ તેઓની આંક–૦૬ થી પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરેલ છે અને આંક–૦૭ થી કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામા ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) આરોપીએ ગુન્હાની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામા આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબલુ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમા લેવાશે, આમ છતા આરોપી પોતાને ગુન્હો કબલુ હોવાનુ જણાવલે છે.ત્યાર બાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામા આવતા તમો પણ આરોપીએ પોતાની સામનોે ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે.આમ આરોપી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબલુ કરતા હોવાનુ જણાય છે.

(પ) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતાં તમેજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરલે રજુઆત મુજબ તેમના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપી ને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામા આવેશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોટર્નુ માનવુ છે.સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટટે ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરલે સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલના આરોપી વિરુધ્ધ ગુનો સાબીત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-: હુ ક મ :-**

૧) કામે આરોપી/સંસ્થાને ક્રિ.પ્રો.કો.ક.૨૫૨ અન્વયે કારખાનાધારા ૧૯૬૩ નાં નિયમ–૩(સી)ના ભંગ બદલ કારખાના ધારાની ક.૯૨ હેઠળ તકસીર વાન ઠરાવીને આરોપીને રૂા.૨,૦૦૦/–(અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ, અને જો દડં ન ભરે તો દિન.–૩૦ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા

ભોગવવાની રહેશે.

3) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજરોજ નામ.ઔધોગિક અદાલત,ગુજરાત રાજયના નોટિફીકેશન નં. NO.ICLC/9158/2019,Dt.10/07/2019 મુજબ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૩ –૦૭–૨૦૧૯
સ્થળ : અમદાવાદ.

**( દિપક હસમુખભાઈ ખંભાતી)**
**CODE : GJ00866**
**એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ**